ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૫/૨૯૬૧-૩૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૪/૧૦/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય:- ધોરણ-૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહના વિષયમાળખામાં યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણના વિષયનો વૈકલ્પિક વિષય તરીકે સમાવેશ કરવા બાબત.

સંદર્ભ:- (૧) શિક્ષણ વિભાગનો તા.૩૦/૦૮/૨૦૨૫નો પત્ર ક્રમાંક:ED/MIS/e-file/3/૨૦૨૫/૪૬૧૩/CHH
(૨) તા.૨૨/૦૯/૨૦૨૫ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:૧૯/૨૦૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ વિષયને ધોરણ-૧૧-૧૨ (સામાન્ય પ્રવાહ)માં વૈકલ્પિક વિષય તરીકે વિષયમાળખામાં સમાવેશ કરવા અંગે તા.૧૭/૦૭/૨૦૨૫ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિમાં થયેલ નિર્ણય અન્વયે બોર્ડના તા.૧૩/૦૮/૨૦૨૫ના પત્રથી ધોરણ-૧૧,૧૨ (સામાન્ય પ્રવાહ)ના વિષયમાળખામાં જૂથ-૪માં યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણનો વૈકલ્પિક વિષય તરીકે સમાવેશ કરવા અંગે સરકારશ્રીની મંજૂરી મેળવવા શિક્ષણ વિભાગમાં દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે અન્વયે ધોરણ-૧૧-૧૨ સામાન્ય પ્રવાહના વિષયમાળખામાં જૂથ-૪માં ચિત્રકલા/ સંગીત/ કમ્પ્યૂટર અધ્યયન/ વોકેશનલ વિષયના અથવામાં યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણનો વિષય સમાવેશ કરવા માટે શિક્ષણ વિભાગના તા.૩૦/૦૮/૨૦૨૫ના સંદર્ભ-(૧) દર્શિત પત્રથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવેલ છે.

તા.૨૨/૦૯/૨૦૨૫ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:૧૯/૨૦૨૫થી રાજ્યની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (સામાન્ય પ્રવાહ)માં શૈક્ષણિક વર્ષ-૨૦૨૬-૨૭થી ક્રમશ: ધોરણ-૧૧ (સામાન્ય પ્રવાહ)માં અને શૈક્ષણિક વર્ષ-૨૦૨૭-૨૮થી ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)ના વિષયમાળખામાં જૂથ-૪ માં ચિત્રકલા/ સંગીત/ કમ્પ્યૂટર અધ્યયન/ વોકેશનલ વિષયના અથવામાં યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણના વિષયનો સમાવેશ કરવા અંગેની બાબતની અમલવારી કરવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવેલ છે. જે અન્વયે શૈક્ષણિક વર્ષ-૨૦૨૬-૨૭થી ક્રમશ: ધોરણ-૧૧ સામાન્ય પ્રવાહ અને શૈક્ષણિક વર્ષ-૨૦૨૭-૨૮થી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં અમલી બનનાર નવું વિષયમાળખું આ સાથે સામેલ છે. ઉક્ત વિગતો આપના તાબા હેઠળની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (સામાન્ય પ્રવાહ)ને જાણ તેમજ અમલ સારુ મોકલી આપશો.

બિડાણ:-ધોરણ-૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહનું નવું વિષયમાળખું

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના:-</u>

- માન.અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.

E:\VISHAL DABHI\Bhalaji\જિલ્લા શિક્ષણાધિકારીશ્રી\યોગ તા.૨૬-૦૯-૨૦૨૫.docx

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

**ધોરણ-11 અને 12 સામાન્ય પ્રવાહનું નવું વિષય માળખું :-**

જૂથ-1 નીચેના પૈકી કોઇ એક ભાષા પસંદ કરવાની રહેશે :

| વિષયનો ઇન્ડેક્ષ નંબર | વિષયનું નામ | કુલ ગુણ | ઉત્તીર્ણ થવા માટે ઓછામાં ઓછા ગુણ |
|---|---|---|---|
| 006 | અંગ્રેજી (અંગ્રેજી માધ્યમ માટે) | 100 | 33 |
| 013 | અંગ્રેજી (અંગ્રેજી માધ્યમ સિવાયના માટે) | 100 | 33 |

જૂથ-2 નીચેના પૈકી કોઇ એક વિષય પસંદ કરવાનો રહેશે :

| વિષયનો ઇન્ડેક્ષ નંબર | વિષયનું નામ | કુલ ગુણ | ઉત્તીર્ણ થવા માટે ઓછામાં ઓછા ગુણ |
|---|---|---|---|
| 001 | ગુજરાતી (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 002 | હિન્દી (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 003 | મરાઠી (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 004 | ઉર્દૂ (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 005 | સિંધી (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 007 | તમિલ (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 008 | ગુજરાતી (જૂથ-1માં 006 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 009 | હિન્દી (જૂથ-1માં 006 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 010 | ઉડિયા (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |

જૂથ-3 નીચેના પૈકી કોઇ બે વિષયો પસંદ કરવાના રહેશે :

| વિષયનો ઇન્ડેક્ષ નંબર | વિષયનું નામ | સૈદ્ધાંતિક | |
|---|---|---|---|
| | | કુલ ગુણ | ઉત્તીર્ણ થવા માટે ઓછામાં ઓછા ગુણ |
| 046 | વાણિજ્ય વ્યવસ્થા | 100 | 33 |
| 129<br>130<br>131<br>132 | સંસ્કૃત અથવા<br>ફારસી અથવા<br>અરબી અથવા<br>પ્રાકૃત | 100 | 33 |
| 141 | મનોવિજ્ઞાન | 100 | 33 |
| 154 | નામાનાં મૂળ તત્વો | 100 | 33 |
| 009 | હિન્દી<br>(02 પસંદ ન કરનાર માટે)/<br>(જૂથ-2 માં 09 પસંદ ન કરેલ | 100 | 33 |

| | | | |
|---|---|---|---|
| | હોય તેના માટે) | | |
| 111 | સહકાર પંચાયત | 100 | 33 |

જૂથ-4 નીચેના પૈકી કોઇ ત્રણ વિષયો પસંદ કરવાના રહેશે :

| વિષયનો ઇન્ડેક્ષ નંબર | વિષયનું નામ | સૈદ્ધાંતિક | | પ્રાયોગિક | |
|---|---|---|---|---|---|
| | | કુલ ગુણ | ઉત્તીર્ણ થવા માટે ગુણ | કુલ ગુણ | ઉત્તીર્ણ થવા માટે ગુણ |
| 022 | અર્થશાસ્ત્ર | 100 | 33 | - | - |
| 135 | આંકડાશાસ્ત્ર | 100 | 33 | - | - |
| 139 | સમાજશાસ્ત્ર | 100 | 33 | - | - |
| 023 | રાજ્યશાસ્ત્ર | 100 | 33 | - | - |
| 029 | ઇતિહાસ | 100 | 33 | - | - |
| 148 | ભૂગોળ | 100 | 33 | - | - |
| 136 | તત્વજ્ઞાન | 100 | 33 | - | - |
| 137 | ચિત્રકામ સૈદ્ધાંતિક | 30 | 10 | - | - |
| 138 | ચિત્રકામ પ્રાયોગિક | - | - | 70 | 23 |
| | | અથવા | | | |
| 146 | સંગીત સૈદ્ધાંતિક | 40 | 13 | - | - |
| 147 | સંગીત પ્રાયોગિક | - | - | 60 | 20 |
| | | અથવા | | | |
| 331 | કમ્પ્યૂટર અધ્યયન | 100 | 33 | - | - |
| 332 | કમ્પ્યૂટર અધ્યયન (પ્રાયોગિક) | - | - | 50 | 17 |
| | | અથવા | | | |
| - | વોકેશનલ શિક્ષણનો વિષય | 30 | 10 | 50 | 17 |
| | | અથવા | | | |
| - | યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ (સૈદ્ધાંતિક) | 40 | 13 | - | - |
| - | યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ (પ્રાયોગિક) | - | - | 60 | 20 |
| 337 | S. P. & C. C. | 100 | 33 | - | - |

સૂચનાઓ :-

(1) જે વિદ્યાર્થીઓએ ધોરણ-11/12માં યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ વિષયપસંદ ન કરેલ હોય તેવા તમામ વિદ્યાર્થીઓએ માત્ર પ્રાયોગિક કાર્ય કરવાનું રહેશે અને ધોરણ-12 ને અંતે લેવાનાર જાહેર પરીક્ષા માટે આવેદનપત્રમાં આચાર્યએ યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણનું પ્રાયોગિક કાર્ય વિદ્યાર્થીએ સંતોષકારક રીતે પૂર્ણ કર્યું છે તે મતલબનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

(2) હાલમાં સૂચવેલા ઉદ્યોગો પૈકી ગમે તે એક ઉદ્યોગ ધોરણ-11 માં લેવાનો રહેશે. જેની પરીક્ષા શાળાએ લઇ પ્રમાણિત કરવાની રહેશે.

(3) પ્રાયોગિક પાસુ ધરાવતા 137/138 ચિત્રકામ, 146/147 સંગીત, 331/332 કમ્પ્યુટર અધ્યયન, યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ તેમજ વોકેશનલ શિક્ષણના વિષય પૈકી કોઈ પણ એક જ વિષય પસંદ કરી શકશે.

(4) વોકેશનલ શિક્ષણના વિષયની સૈદ્ધાંતિક પરીક્ષાનું પ્રશ્નપત્ર 30 ગુણનું રહેશે તેમજ પ્રાયોગિક પરીક્ષાના 50 ગુણ અને આંતરિક મૂલ્યાંકનના 20 ગુણ રહેશે.

(5) પ્રાયોગિક પાસું ધરાવતા વિષયો પૈકી કમ્પ્યૂટર એજ્યુકેશન વિષયની 50 ગુણની પરીક્ષા શાળાકક્ષાએ લેવાની રહેશે. જેના ગુણ બોર્ડના ગુણપત્રકમાં દર્શાવવામાં આવશે, પરંતુ ટકાવારીમાં ધ્યાને લેવાશે નહીં.